# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-01-2026** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SANGHVAI DAVOS

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સ્વિત્ઝરલેન્ડના દાવોસમાં યોજાઇ રહેલા વિશ્વ આર્થિક મંચ દરમિયાન જણાવ્યું , ગુજરાત આગામી પેઢીના પવન નવીનીકરણ માટે ભારતના સૌથી મજબૂત કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. શ્રી સંઘવીએ વેસ્ટાના CEO હેનરિક એન્ડરસન સાથે મુલાકાત કરી. દરમિયાન પવન ટર્બાઇન ઉત્પાદન, ઓફશોર પવન , નવીન જમીન-ઉપયોગ પાઇલોટ્સ અને અદ્યતન સંશોધન અને વિકાસ પર વ્યૂહાત્મક સંવાદ યોજાયો. તેમણે કહ્યું , ભારતના પ્રથમ ઓફશોર પવન પ્રોજેક્ટ અને વિશ્વ કક્ષાના નવીનીકરણીય ઉર્જા પાર્ક સાથે, ગુજરાત દેશના સ્વચ્છ ઊર્જા વિકાસને શક્તિ આપી રહ્યું છે.

શ્રી સંઘવીએ એમરેલ્ડ AIના સહસ્થાપક વરુણ શિવરામ સાથે પણ વાતચીત કરી. ગુજરાત AI-સંચાલિત ડેટા સેન્ટરની આગામી લહેર માટે તૈયાર થઈ રહ્યું છે , ત્યારે ટકાઉ ઉર્જા ઉકેલો મુખ્ય રહેશે.

. . . . . . . . . . . . .

# PM SWAMINARAYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , ભગવાન સ્વામિનારાયણનું જીવન આધ્યાત્મિક સાધના અને નિઃસ્વાર્થ સેવાનું સાક્ષાત ઉદાહરણ હતું. તેમણે કહ્યું , તેમના અનુયાયી સમાજ, રાષ્ટ્ર અને માનવતાની સેવામાં ઘણા અભિયાન ચલાવી રહ્યા છે. વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન શ્રી મોદીએ કહ્યું , શિક્ષણ અને આરોગ્ય સંબંધિત પરિયોજનાઓ , ખેડૂતોના કલ્યાણનો સંકલ્પ અને જળ સંરક્ષણ સાથે જોડાયેલી પહેલ ખરેખર પ્રશંસનીય છે.

(BYTE: PM NARENDRA MODI)

. . . . . .

# GNR SEISMOLOGY CONFERENCE

ગાંધીનગરમાં ગુજરાત ભૂકંપવિજ્ઞાન સંશોધન સંસ્થા ખાતે ભૂકંપ અંગે ત્રણ દિવસની આંતર-રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરાયું છે. તેમાં ગુજરાત સહિત દેશના વિવિધ ભૂકંપ અસરગ્રસ્ત વિસ્તારો સંદર્ભે દેશ અને વિદેશના તજજ્ઞો સાથે ચર્ચા કરાશે. તેમજ ભૂકંપની આગોતરી જાણ થાય તે માટે દેશમાં વર્તમાન ટૅક્નોલૉજી અને સંશોધન અંગે ચર્ચા કરાશે.

. . . . . . . . . . . . . .

# BALIKA PANCHAYAT

દીકરીઓમાં નેતૃત્વના ગુણો વિકસાવવા અને લોકશાહીની પ્રક્રિયાથી માહિતગાર કરવા રાજ્યની 13 હજારથી વધુ ગ્રામ પંચાયતોમાં 'બાલિકાપંચાયત'ની રચના કરવામાં આવી છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર બાલિકા પંચાયત મોડેલ અમલી બનાવનાર ગુજરાત દેશમાં અગ્રેસર રહ્યું છે. પ્રથમ તબક્કામાં તમામ જિલ્લાઓમાં ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ તૈયાર કરાયા જ્યારે બીજા તબક્કામાં ક્લસ્ટર પ્રમાણે 1900થી વધુ 'માસ્ટર ટ્રેનર્સ' તૈયાર કરાશે. જેઓ છેવાડાના ગામની દીકરીઓને તાલીમ આપી તેમને વધુ સશક્ત બનાવશે. કચ્છ જિલ્લાના મોટા અંગિયા અને મસ્કા ગામથી શરૂ થયેલો આ પાયલોટ પ્રોજેક્ટ હવે સમગ્ર રાજ્યની 13 હજાર ગ્રામ પંચાયતોમાં વિસ્તર્યો છે.

. . . . . . . . .

# RAJKOT SWIMMER

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની જસાણી કોલેજની વિદ્યાર્થિની પ્રીશા ટાંકે માત્ર એક મહિનામાં 8 ચંદ્રક તથા 3 ટ્રોફી જીતવાની પ્રશંસનીય સિદ્ધિ હાંસલ કરી છે. તેણે 8 ડિસેમ્બરે યોજાયેલી સૌરાષ્ટ્ર ઇન્ટર કોલેજ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં પ્રીશાએ અલગ–અલગ ઇવેન્ટ્સમાં ભાગ લઈ 5 સુવર્ણ ચંદ્રક જીત્યા.

આ ઉપરાંત પોરબંદર ઓપન વોટર સી સ્વિમિંગ રાષ્ટ્રીય સ્પર્ધામાં એક કિલોમીટર ઇવેન્ટમાં ત્રીજો ક્રમ તથા 5 કિલોમીટર ઇવેન્ટમાં બીજો ક્રમ મેળવી ચંદ્રક અને ટ્રોફી પ્રાપ્ત કરી હતી. તે ઉપરાંત 19 જાન્યુઆરીએ વડોદરા ખાતે યોજાયેલા ખેલ મહાકુંભમાં અલગ–અલગ ઇવેન્ટ્સમાં ભાગ લઈ 2 સુવર્ણ ચંદ્રક તથા એક રજત ચંદ્રક મેળવ્યો હતો.

. . . . . . . . .

# ARVALLI PRAKRUTI POOJA

અરવલ્લીમાં શામળાજીના શ્યામલ વનમાં પર્વત પૂજા અને પ્રકૃતિ સંરક્ષણ મહોત્સવ યોજાયો. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોંઢવાડિયા , રાજ્યમંત્રી પ્રવિણ માળી અને પી. સી. બરંડા ઉપસ્થિત રહ્યા હતા. પ્રકૃતિ સાથે માનવજાતનો અતૂટ સંબંધ મજબૂત બને તેમજ પર્યાવરણ સંરક્ષણનો સંદેશ લોકો સુધી પહોંચે તે હેતુથી વસંતપંચમીના પાવન દિવસે આ મહોત્સવ યોજાયો. આ અંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ વધુ માહિતી આપી.

(BYTE: ARJUN MODHVADIA)

. . . . . . . . .

# AMC ORAL CANCER

અમદાવાદ મહાનગરપાલિકાના સાત ઝૉનમાં આવેલા નવ સામુદાયિક આરોગ્ય કેન્દ્ર – CHC ખાતે ઑરલ એટલે કે , મોઢાના કૅન્સરમાં પ્રાથમિક સ્તરે જ નિદાન થઈ શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવાશે. મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં લેવાયેલા અન્ય નિર્ણય અંગે સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ કહ્યું ,  પૂર્વ,  ઉત્તર અને દક્ષિણ ઝૉનમાં આવેલી વિવિધ 27 હજાર ચાલીઓમાં લાઈટની સુવિધા પણ અપાશે.

(BYTE: DEVANG DANI, CHAIRMAN, STANDING COMMITTEE, AMC)

. . . . .